# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**
**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/ક્વા-03/૨૦૨૧-૨૨/૩૨૫ તા. ૧૯.૦૨.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૮/ક્વા-3/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી ખટારિયા જેઠસુરભાઈ એલ ગામ – સેંદરડા
સબડીવીઝન: વંથલી

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ ગ્રામ્ય-૨

### :: ફોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ
તારીખ: મંગળવાર (૧૮-૦૧-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૮-૦૧-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, જત લખવાનું કે હું નીચે સહી કરનાર શ્રી જેઠસુરભાઈ લખમણભાઈ ખટારીયા લખી જણાવું છું કે ૨૦૧૪-૨૦૧૫ માં અમારો તાલુકો ડાર્કઝોનમાં આવતો હોય તેથી કનેક્શન આપવામાં આવતાં ન હતા તેથી ૨૦૧૫ માં મે સોલાર થ્રી ફેઈઝ કનેક્શન લીધેલ હોય મારા કુવા ઉપર રોટોમેક સોલાર કંપનીનો પમ્પ સેટ છે જ્યારે એમોએ સોલાર કનેક્શન લીધેલ હતું ત્યારે જીઇબી ઓફિસ વંથલી માંથી એવું કહેવામાં આવેલ કે જે અમોને સોલાર પમ્પ આપવામાં આવેલ છે તેની પાંચ વર્ષની ગેરંટી આપવામાં આવે છે અને ગેરંટી ટાઈમ (પાંચ વર્ષ) પુરો થયા

પછી તમોને રેગ્યુલર જીઇબીનું કનેક્શન મળવાપાત્ર છે આ ગેરંટી પિરીયડ પુરો થતાં મે મે-૨૦૨૦ માં કનેક્શન માટે અરજી કરેલ હતી જે અરજી જીઈબી દ્વારા પાસ કરેલ હોય જે તે ટાઈમ મે ફુવારા સેટ લીધેલ છે તેના એગ્રીમેન્ટ તથા બિલ સાથે જોડેલાં છે.મારી અરજી પાસ થયા પછી વંથલીની જીઈબી ઓફીસમાંથી સર્વે કરી મને ક્વોટેશન મોક્લાવેલ હોય જે મળતાં તારીખ ૦૫/03/૨૦૨૧ ના રોજ મે ક્વોટેશનના પૈસા જીઈબી વંથલી ઓફિસમાં ભરેલા છે તેની રસીદ નં. આર E 72845 R E 672844 R E 672845 R E 672972 ઉપર દર્શાવેલ ચાર રસીદથી મે ક્વોટેશન તથા ટેસ્ટરિપોર્ટના પૈસા ભરેલ છે.ઉપર દર્શાવેલ પૈસા ભરેલા હોય અને હવે જીઈબી ઓફીસમાંથી એવું કહેવામાં આવેલ છે કે અમોને કનેક્શન મળવાપાત્ર નથી અને પૈસા પાછા લઈ જાવ.આપ સાહેબને નમ્ર અરજ છે કે આ બાબતે તમોને યોગ્ય કરવા મારી નમ્ર વિનંતી છે. આભાર સહ..આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી : ખટારીયા જેઠસૂરભાઇ લખમણભાઈ ની જે કેસ નંબર ૦૨૮/કવા-03/૨૦૨૧-૨૨ થી રજૂઆત નોંધાયેલ છે તેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.અરજદારશ્રી : ખટારીયા જેઠસૂરભાઇ લખમણભાઈ એ ઓફગ્રિડ સોલર પંપ મેળવવા માટે તેને આપવામાં આવેલ ભાવપત્રક તારીખ ૨૨/૦૫/૨૦૧૫ ના રોજ ભરપાઈ કરેલ જેનું કામ કંપની: રોટોમેગ મોટર્સ ને આપતા તેના સોલર પંપનું કામ તારીખ ૦૭/૧૧/૨૦૧૫ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ.આ સોલર પંપ નું કનેકશન આપતી વખતે પત્ર ન. પીજીવીસીએલ/પ્રોજેકટ/૨૩૯ તારીખ ૧૭/03/૨૦૧૫ મુજબ અરજદારે આ સાથે જોડેલ કબૂલતનામું રજૂ કરેલ છે જેમાં બીજા નંબર ની કબૂલાત નીચે મુજબ છે.

3.૧ "સૌર ઉર્જા પંપ તેને સંલગ્ન તમામ સાધનોની માલિકીપ (પાંચ) વર્ષ સુધી પીજીવીસીએલ ની રહેશે અને પાંચ વર્ષ પછી આગામી પાંચ વર્ષ માટે પરંપરાગત કૃષિ વિજજોડાણ માંગણી ન કરવાની શરતે મીને સૌર ઉર્જા પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી તબદીલ કરવામાં આવશે, જે અમારી જાણમાં છે." ત્યારબાદ અરજદારે પરંપરાગત કૃષિ વિજ્જોડાણ ની માંગણી તારીખ ૨૩/૧૧/૨૦૨૦ ના રોજ કરતાં શરતચૂક થી આપવા માં આવેલ ભાવપત્રક રૂ.૮૦૫૩/- અરજદાર દ્વારા તારીખ ૦૫/03/૨૦૨૧ ના રોજ ભરપાઈ કરેલ. જે ભાવપત્રક ની રકમ પરત લઈ જવા માટે નાયબ ઇજનેર એ અરજદારને પત્ર નંબર વીએસડી/ટેક/૪૫૨૪ તારીખ ૧૭/૦૬/૨૦૨૧ લખેલ જેની નકલ આ સાથે સામેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી ની તથા પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત મુદ્દા નં.3.૧ મુજબ કંપની ના નિયમ મુજબ હોય તથા જીયુવીએનએલ ના પત્ર નં. જીયુવીએનએલ/ટેક/એકેએફ/સોલર૨/2033 તારીખ ૦૯.૧૨.૨૦૧૪ મુજબ તથા ત્રિપક્ષીય કરાર માં શરત૨૦ મુજબ જણાવેલ છેજ કે “કૃષિ વીજ

જોડાણ મેળવવા માટે સોલર ઉર્જા પંપ મેળવ્યાની તારીખ થી ૫ (પાંચ) વર્ષ સુધી હકદાર રહેશે નહીં."

૪.૨ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને જે વીજ જોડાણ આપવા નું છે તે સોલર પંપ સેટ યોજના ના પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયેલ હોય તો કંપની ના નિયમ મુજબ જરૂરી દસ્તાવેજી પુરાવા લઈ તથા ભરવાપાત્ર રકમ ભરાવી નવું વીજ જોડાણ આપવું.

૪.૩ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯